# *મારે માણસ જોઈએ*



એક મંદિર હતું આસામમાં. મંદિર ખૂબ મોટું હતું. તેમાં હજારો યાત્રાળુઓ દર્શન કરવા આવતા હતા. એકાએક તેનો વ્યવસ્થાપક મુખ્ય પૂજારી મરી ગયો. મંદિરના મહંતને બીજા પૂજારીની જરૂર ઊભી થઈ. તેમણે જાહેરાત કરાવી દીધી કે 'જે કાલે સવારે પહેલા પહોરમાં આવીને અહી પૂજાવિધિ બાબતની કસોટીમાં યોગ્ય સાબિત થશે તેને પૂજારી તરીકે રાખવામાં આવશે.'

મંદિર મોટું હતું. પૂજારીને ઘણી આવક થતી હતી. ઘણાબધા બ્રાહ્મણો સવારે ત્યાં પહોંચી જવા ચાલી નીકળ્યા. મંદિર ટેકરી પર હતું. જવાનો એક જ રસ્તો હતો. વળી, તેના પર કાંટા અને કાંકરા–પથરા છવાયેલા હતા. બ્રાહ્મણોનું ટોળું ચાલી જઈ રહ્યું હતું મંદિર તરફ. ગમે તેમ કરીને કાંટા અને કાંકરાથી બચતા રહીને લોકો જઈ રહ્યા હતા.

બધા બ્રાહ્મણો પહોંચી ગયા. મહંતે બધાઓને આદરપૂર્વક બેસાડયા. બધાઓને ભગવાનનો પ્રસાદ મળ્યો. બધાને અલગ–અલગ કેટલાક પ્રશ્નો અને મંત્રો પૂછવામાં આવ્યા. આખરે પરીક્ષા પૂરી થઈ ગઈ. જ્યારે બપોરવેળા થઈ ગઈ ત્યારે બધા લોકો ઊઠવા લાગ્યા, તો એક નવયુવાન બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેનાં કપડાં ફાટેલાં હતાં, તે પરસેવાથી ભીંજાઈ ગયેલો હતો અને ઘણો ગરીબ જણાઈ આવતો હતો.

મહંતે કહ્યું – "તમે ઘણા મોડા આવ્યા !"

તે બ્રાહ્મણ બોલ્યો – "હું જાણું છું. હું માત્ર ભગવાનનાં દર્શન કરીને જ પાછો ચાલ્યો જઈશ."

મહંત તેની હાલત જોઈને દયાળુ થઈ રહ્યા હતા. તેમણે કહ્યું – "તમે સમયસર કેમ ન આવ્યા?"

તેણે જવાબ આપ્યો – "ઘરેથી તો જલદી નીકળ્યો હતો. મંદિરે આવવાના માર્ગમાં ઘણા કાંટા હતા અને પથ્થર પણ હતા. બિચારા યાત્રાળુઓને એ બધાથી કષ્ટ થતું હતું. તે કાંટા–પથ્થર દૂર કરવામાં મોડું થઈ ગયું."

મહંતે પૂછ્યું – "વારું, તમને પૂજા કરતાં આવડે છે?"

તેણે કહ્યું – "ભગવાનને સ્નાન કરાવીને ચંદન–ફૂલ ચઢાવવાં, ધૂપ કરવો, દીવો પેટાવવો તથા ભોગ–સામગ્રી સામે મૂકીને પડદો પાડવો અને શંખ વગાડવો – આ બધું તો આવડે છે."

"અને મંત્રો?" – મહંતે પૂછ્યું.

તેણે ઉદાસ થઈને કહ્યું – "ભગવાનને સ્નાન કરાવવા, ભોજન કરાવવા મંત્રો પણ બોલવાના હોય છે, પણ એ મંત્રો હું જાણતો નથી." બધા પંડિતો હસવા લાગ્યા કે, "જુઓ તો ખરા, આ મૂર્ખ પણ પૂજારી બનવા આવ્યો છે !"

મહંતે એક ક્ષણ વિચાર્યું અને કહ્યું – "પૂજારી તો તમે બની જ ગયા. હવે મંત્રો શીખી લેજો, હું તમને શિખવાડી દઈશ. મને ભગવાને સ્વપ્નમાં કહ્યું છે કે મારે માણસ જોઈએ."

"શું અમે લોકો માણસ નથી ?" – બીજા પંડિતોએ પૂછ્યું. તે લોકો મહંત પર નારાજ થઈ રહ્યા હતા. આટલા ભણેલા વિદ્વાનો હોવા છતાં પણ મહંત એક એવી વ્યક્તિને પૂજારી બનાવી દે કે જે મંત્રો પણ જાણતી ન હોય, એ વાત આ પંડિતોને પોતાનું અપમાન થયા બરાબર લાગતી હતી.

મહંતે પંડિતો તરફ જોયું અને કહ્યું – "પોતાના સ્વાર્થની વાત તો પશુઓ પણ જાણે છે. ઘણાંબધાં પશુઓ ઘણાં ચતુર પણ હોય છે. પરંતુ સાચો માણસ તો તે છે કે જે બીજાઓને સુખ પહોંચાડવાનું ધ્યાન રાખે છે, જે બીજાઓને સુખ પહોંચાડવા માટે પોતાના સ્વાર્થ અને સુખનો ત્યાગ કરી શકે છે."

પંડિતોનાં માથાં નીચાં નમી ગયાં. તે લોકો ઘણા શરમાયા. તેઓ ધીરે ધીરે ઊભા થયા અને મંદિરમાં ભગવાનને તથા મહંતને નમસ્કાર કરીને તે પર્વત પરથી નીચે ઊતરવા લાગ્યા.

ભાઈઓ ! તમે પોતે વિચારો કે તમે માણસ છો કે નથી.

**સૌજન્ય : શુદ્ધ વાર્તાઓ**